वर्ष : ११ सने : २०१८ सं.२०७४
अंक : ४, સળંગ અંક -૭૭ श्रावण ओगष्ट

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૪ ઓગષ્ટ અષાઢ/સળંગ અંક-૭૭

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ સમય પસાર થવા દો...

★ મુનિ ભગવંતોની ઋદ્ધિ - ૨

★ તૃપ્તિ - અતૃપ્તિ - ૧

★ મસૂર તીર્થ : શતાબ્દીનો શાહી ઉત્સવ - ૨


## આર્ષવાણી

**बध्दं यद्येन क्रोधेन,**
**वचसा पूर्वजन्मनि ।**
**रुदद्भिर्वेद्यतेऽवश्यं,**
**तत्कर्मेह शरीरिभिः ।।**

પૂર્વભવમાં વચન દ્વારા ક્રોધથી જે કર્મ બાંધ્યું હોય તે જીવોને રડતાં રડતાં પણ અવશ્ય ભોગવવું પડે છે.

જે સ્ત્રી શીલવતી હોય, જેની ભાષા કોમળ હોય, પતિની ભક્તા હોય, પતિની ઈચ્છા પ્રમાણે વર્તનારી હોય, પતિના વિશ્રાંતિ માટેની ભૂમિ જેવી હોય તે સ્ત્રી ઘરની શોભા છે.



## ★ સમય પસાર થવા દો........ ★★★

- શ્રીધર્મમિત્ર

વિશ્વમાં વિધવિધ ભાવો જોવા મળે છે. કેટલાક ભાવો એવા હોય છે કે, જેમાં કાળ - સમય પસાર ન થવા દેવાય. તે કાર્યો તુરંત કરી લેવાં. તો કેટલાંક કાર્યો એવાં હોય છે કે જેમાં કાળ - સમય જવા દેવો. મતલબ વિલંબ કરવો. વિલંબ કરવામાં ફાયદો હોય છે. નીતિશાસ્ત્રોમાં કેટલાંક કથનો ખૂબ જ અનુભવ યુક્ત હોય છે. એવી અનુભવવાણીને અનુસરવામાં લાભ થાય છે. અંગ્રેજીમાં કહેવત છે.: ' Time is the best Medicine' સમય એ શ્રેષ્ઠ દવા છે. એવા કેટલાક મુદ્દાઓનો વિચાર કરીએ જેમાં કાળક્ષેપ કરવામાં હિત છે. શ્રમણભગવાન શ્રીમહાવીર દેવનું પ્રસિદ્ધવાક્ય 'સમયં ગોયમ ! મા પમાયએ' બધે જ નથી લગાડવાનું. જ્યાં પાપનાં કાર્યો કરવાનાં હોય, પાપ કર્મનો હુમલો (ઉદય) આવ્યો હોય....ત્યારે વિલંબ કરવામાં જ હિત સમાયેલું હોય છે. તે કાર્ય તુરંત કરી લેવામાં નુકશાન જ થાય છે. જેમ કે ક્રોધ - મોહનીય કર્મનો ઉદય થયો હોય..... ગુસ્સો આવેલો હોય, એ આવેશમાં બુદ્ધિ કામ ન આપતી હોય, વિવેક ગુમાવી બેઠા હોઈએ, મગજ ઉપરનો પોતાનો કાબૂ ન હોય... તેવા સમયે જે પણ કાર્ય કરાય છે તેમાં પાછળથી પસ્તાવાનો જ વખત આવે છે. રાંડ્યા પછી ડહાપણ આવ્યું હોય તેવી સ્થિતિ ઊભી થાય છે. માટે એવા સમયે ક્રોધના આવેશને શાંત થવા દેવાથી જરૂર ફાયદો થશે. પશ્ચાત્તાપને અવકાશ નહીં રહે, ભૂલનું માઠું પરિણામ ભોગવવાનો પ્રસંગ ઊભો નહિ થાય. સ્વપર અહિત અટકાવી શકાશે. બંને જણા અહિતથી બચી જશે. બંનેને લાભ થશે.

ક્રોધ માનવને અંધ બનાવે છે. ખુલ્લી આંખે પણ અંધ જેવું વર્તન કરાવે છે. ક્રોધના આવેશ સમયે મગજ શૂન્ય થઈ જાય છે. હિતાહિતનો - ગમ્યાગમ્યનો કર્તવ્યાકર્તવ્યનો વિવેક ગુમાવી દે છે, શરીરની ધાતુઓ ખળભળી ઊઠે છે. ઈન્દ્રિયો પરનો કાબૂ ચાલ્યો જાય છે. આત્માની શાંતિ હણાઈ જાય છે, ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, પરસ્પરના પ્રેમમાં ઓટ આવી જાય છે, વેરની ગાંઠો બંધાય છે. ક્રોધ એક બીજાને દુશ્મન બનાવે છે. ક્રોધના સમયે વચનયુદ્ધથી પ્રારંભ થાય છે. પછી તે ગાળાગાળી - મારામારી સુધી પણ પહોંચી જાય છે. મૃત્યુ સુધીની આપત્તિઓને એ નોંતરે છે. ક્રોધની જ્વાળા જ્યાં ઊઠે એને તો બાળે જ.... આગળ વધીને સંપર્કમાં આવનાર તમામને બાળે છે. બળવું કે બાળવું ન હોય તો ક્રોધના

આવેશના સમયને પસાર થવા દો. કાળક્ષેપ કરો, એમ નીતિસૂત્રકારો જણાવે છે. કંઈ કેટલાય અનુભવોને અંતે નીતિસૂત્રો બને છે. નીતિકારનું પાલન તમને નૈતિક રીતે આગળ લાવે છે. નૈતિક ઘડતર કરે છે. નીતિનું મહત્ત્વ નીતિના કારણે જ જગ બત્રીસીએ ગવાય છે. લાખો વર્ષો પછી પણ લોક હૈયામાં તેમની પ્રતિષ્ઠા રહી છે. જેઓએ તેમને જોયા પણ નથી તેઓ પણ તેમના તરફ અહોભાવ ધરાવે છે. તેઓ ઈતિહાસનાં પાને સુવર્ણ અક્ષરે અંકિત થયા છે. જૈન - અજૈન ઘણા કવિઓએ ઘણી ભાષામાં તેમના ચરિત્રની ચર્ચા કરી છે. લોકોમાં ચાહના અમે માન મેળવવાનું એક અંગ નીતિ છે. નીતિની ઘણી વાતો ધર્મને અબાધિત હોય છે. હા, કેટલીક નીતિ સાંસારિક લાભ માટે કે આર્થિક, વ્યાવહારિક નુકશાનથી બચાવનારી પણ હોય છે. વળી, કેટલીક નીતિઓ (?) પાપપોષક પણ હોય છે. રાજનીતિ કે આર્થિક નીતિઓમાં કદાચ આવી વાતો આવી શકે છે, કે જે પાપકર્મ બંધાવનારી હોય. ધર્મને એની સાથે લેવા દેવા નથી. ધર્મનીતિ સર્વોચ્ચ ગણાય છે. સીધી કે આડકતરી રીતે ધર્મને સમર્થન આપનારી નીતિને જ સારી નીતિ કહેવાય. એને જ ધર્મ શાસ્ત્રકારો સમર્થન આપતા હોય છે.

ક્રોધના આવેશ સમયે; ક્રોધની પ્રેરણાથી ક્યારેય કામ ન કરવું. ક્રોધના કહ્યાગરા દીકરા ન થવું. એનાથી નુકશાન જ થશે. ક્રોધને નિષ્ફળ બનાવવા માટે તે સમયે કાર્ય બદલી નાખવું. જગ્યા બદલી નાખવી. નવકાર ગણવા. શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરવું. જાતને અને જગતને અનુભવ છે કે, ક્રોધથી ક્યારેય હિત થયું નથી, થતું નથી.... પરંતુ ક્રોધના આવેશમાં અંધાપો આવતો હોવાથી ડહાપણ ચાલ્યું જાય છે. ક્રોધ અને ડહાપણ ક્યારેય સાથે રહી શકતાં નથી. ક્રોધ ચાલ્યો જાય પછી જ જાણે ડહાપણની દાઢ ફૂટે છે. ડાહી - ડાહી વાતો કરે છે. માટે જ ક્રોધ આવે ત્યારે કોઈપણ નિર્ણય કરતાં સમય પસાર થવા દેવો, વિલંબ કરવો.

સમય પસાર કરવાનાં કાર્યોમાં બીજી વાત જણાવી છે - નદીમાં પૂર આવ્યું હોય... ત્યારે તે વહેણમાં પ્રવેશ ન કરવો, ભલે ને તરતાં આવડતું હોય. ભલભલા તરવૈયાઓય તે વહેણમાં, પૂરના જોશમાં તણાઈ જાય છે. માટે પૂર ઓસરવાની રાહ જોવી. અગ્નિ - પાણી અને પવનનો ભરોસો ક્યારેય ન કરાય. આગ દઝાડ્યા કે બાળ્યા વગર ન રહે. પાણી ડૂબાડ્યા વગર ન રહે. પવન ઉડાડી મૂકે તેની ખબર ન પડે. આગે ગામો - નગરો, મસ મોટાં જંગલો બાળી મૂક્યાં છે. પાણીએ કૈંકને ડૂબાડી દીધા છે. પાણીથી પણ ઘણીવાર ગામો - નગરોનો વિનાશ થયો છે. પ્રચંડ



પાણીના પૂરમાં તો મકાનો પણ તણાઈ જતાં હોય તો માનવોની વાત ક્યાં કરવી ? પવને - વાવઝોડાએ કંઈક છાપરાં ઉડાડ્યાં, કૈંક મકાનો વેર - વિખેર કર્યાં તો કૈંક માનવો - મકાનોને દાટી મૂક્યાંના દાખલાય મોજુદ છે. હમણાં હમણાં વાવાઝોડાંનો સીલસીલાબંધ ઈતિહાસ ન્યૂઝ પેપરોમાં આવે છે. વર્તમાનમાંય ઘણાં વાવાઝોડાં ફૂંકાયાં છે, જેમાં ઘણી જાન - માલની હાનિ થાય છે.

સામાન્ય જળપ્રવાહમાં કે બંધવાળા પાણીવાળા કૂવા - તળાવમાં જો ડૂબીને મોત થવાના કિસ્સા બનતા હોય તો પ્રવાહવાળા જળમાં તો બચાવનું જ ક્યાંથી હોય ? જળપ્રવાહમાં તણાઈ ગયેલા માનવોનાં શબ કેટ -કેટલા કિલોમીટર દૂરથી મળે છે. કુશળ તરવૈયા હોય તોય પૂરના પ્રવાહમાં ઊતરવાનું સાહસ ન જ કરે એ તેના હિતમાં ગણાય. પૂર ઓસરવાની રાહ જોવી. પૂર ન હોય એવી સામાન્ય નદીમાં પણ એમ કહેવાય છે કે, સામે પૂરે તરવાનું દુઃસાહસ ન કરવું ત્યારે પૂરના સમયે તો એવી મૂર્ખાઈ ન જ કરાય ને ?

ત્રીજી વાત કહી છે : પાપકર્મ કરવાના સમયે વિલંબ કરવો. શક્ય છે, એવા સમયે જો વિલંબ કરશો તો પાપ કરવાનો પ્રસંગ જ નહિ આવે. મતલબ એ પાપથી બચી જવાશે. હિંસા - જૂઠ, ચોરી - અબ્રહ્મસેવન - પરિગ્રહ - ક્રોધ - માન - માયા- લોભ - કલહ - વગેરે કોઈ પણ પાપ હોય..... એ પાપનો વિચાર આવે કે તરત અમલ ન કરવો, એમાં વિલંબ કરવો, થોડી રાહ જોવી, ટૂંકો સાર તો એટલો જ છે કે ખરાબ વિચાર આવે, પાપનો વિચાર આવે ત્યારે 'થોભો ને રાહ જુવો' ની નીતિ અપનાવવી. મોટા પાપથી-અનર્થથી બચી જવાનો અનુભવ થશે. પછી આનંદ થશે.

ખૂબ ટ્રાફીક હોય ત્યારે ડ્રાઈવર પોતાનું વાહન એમાં લઈ જવાનું સાહસ કરતો નથી. થોડી રાહ જુએ છે, બીજો રસ્તો હોય તો શોધીને ત્યાં જાય છે. ક્યાંક ફસાવવાનો કે અકસ્માતનો ભય રહે છે. સમય પણ ત્યાં વધુ બગડે છે. જે તે પાપ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તેના કડવાં-મીઠાં ફળોનો વિચાર કરવો. એ વિચારો તમને મોટા અનર્થમાંથી ઉગારી લેશે. ફસાઈ જવાના સ્થાને ફાવી જશો. વિલંબ કરવાથી ઉત્સાહ મંદ પડી જતો હોય છે. મંદ પડી જતાં જે પાપ બંધાય તે અલ્પસ્થિતિવાળા - અલ્પરસવાળા હોવાથી નિકાચિત નથી બંધાતા. નિકાચિત ન હોવાથી અન્ય ધર્મ ક્રિયા - તપ વગેરેથી એ કર્મને સહેલાઈથી ખપાવી શકાય છે. તેથી અહીં પાપ કરવાના પ્રસંગે શક્ય તેટલો વિલંબ કરવાની વાત મૂકી છે.

આગળ ચોથા નંબરે વાત છે : અજીર્ણ થયું હોય ત્યારે નવું ભોજન લેવામાં

રાહ જોવી. નવું ભોજન ગમે તેટલું સારું હોય પરંતુ જૂનું ભોજન પચી ન ગયું હોય તો તે ન લેવું. અજીર્ણની અવસ્થામાં નવું ભોજન લેવાથી વિક્રિયા થાય છે, કાં ઝાડા, કાં ઊલટી ! વળી નવા ખોરાકથી શક્તિ આવવાની જગ્યાએ અશક્તિમાં વધારો થાય છે. એ ખોરાકથી સાત ધાતુનું નિર્માણ થતું નથી. સંપૂર્ણ શરીરમાં બેચેની અનુભવાય છે. કોઈ કાર્યમાં મન લાગતું નથી. સુસ્તીના કારણે પડ્યા રહેવાનું મન થાય છે. તમામ કાર્યો સિદાય છે.

આયુર્વેદનો સાર છે : જીર્ણે ભોજનમ્. જૂનું ભોજન પચી ગયા પછી જ નવો ખોરાક લેવો. પાચન માટે સમય જ ઉપાય છે. દવાઓ ખાવાથી પાચન થાય એ વ્યાજબી નથી. એનાથી હોજરી મંદ પડી જાય છે. માટે જ પ્રકૃતિને અનુરૂપ અને યોગ્ય સમયે ભોજન લેવાની વાતો માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં પણ જણાવી છે. અકાળે લીધેલું ભોજન કે પ્રકૃતિને પ્રતિકૂળ ભોજન સ્વાસ્થ્યને બગાડે છે. એ સ્વાસ્થ્ય બગડતાં ધર્મ ક્રિયાઓ પણ સિદાય છે, ધર્મમાં વિઘ્ન ઊભું થાય છે.

જૂનું ભોજન જો પચ્યું ન હોય તો પેટ પણ નવું ભોજન લેવા તૈયાર નથી હોતું. પરંતુ માનવ જીભને પૂછવા જાય છે. જીભને રસના ચટાકા મળતા હોય તો શા માટે ના પાડે ? પેટને પૂછીને ખાનારો હેરાન નથી થતો. જ્યારે જીભને પૂછીને ખાનારો હેરાન થયા વગર રહેતો નથી. રસના ઈન્દ્રિયના સ્વાસ્થ્ય વહેલું - મોડું બગડે છે. જીભને તો માત્ર સ્વાદ જ લેવાનો છે. પચાવવાનું કાર્ય તો પેટ જ કરે છે. દાંતને ચાવવાનો ને પેટને પચાવવાનો શ્રમ કરવો પડે છે. જીભને કયો શ્રમ છે ? એટલે એ તો ક્યાંથી ના પાડે ? આવવા દ્યો....વાંધો નથી....એવી જ ફરમાઈશ એની રહેવાની ! ગટરમાં ભેગું થયેલું અનાજ (કચરો) કોહવાટ પેદા કરે છે. તો પેટમાં પ્રમાણ કરતાં વધુ થયેલ સંગ્રહ કેમ કોહવાટ પેદા ન કરે ? અર્થાત્ કરે જ.

બ્રહ્મચર્યના પાલન માટે પણ અતિ ખોરાક વર્જ્ય ગણ્યો છે. અતિ ખોરાક લેવાથી કામશક્તિ વધે છે. ઉન્માદ પેદા થાય છે. એ જ રીતે વધુ વિગઈવાળો ખોરાક લેવાની પણ મનાઈ ફરમાવી છે. વિગઈ બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય તેવાં કાર્યો કરવા પ્રેરે છે. ભોજનમાં વિવેક ખૂબ જ જરૂરી છે.

હવે પાંચમા અને છેલ્લા નંબરે વાત છે ભયની : જ્યાં ભય હોય તેવાં સ્થળોમાં જલદી પ્રવેશ ન કરવો. જરૂર પડે આગળ કોઈ જાય તેની રાહ જોવી. નદી ઊતરવાની હોય ત્યારે સાધુ - સાધ્વીજીને જણાવે છે કે, નાવમાં બેસવાનો વખત આવે કે પગે ચાલીને નદી ઊતરવાની આવે તો પ્રથમ તમારે ન જવું. કોઈ



ગૃહસ્થ માર્ગનો જાણકાર આગળ જાય પછી જ તમારે ચાલવું, જવું. એવું કરવાથી સંયમવિરાધના - આત્મવિરાધનાથી બચી જવાય છે. નદીના માર્ગની જાણકારી ન હોય તો વચ્ચે ક્યાંક ઊંડો ખાડો છે, ક્યાંક ભમરી વગેરે છે, તે ખ્યાલ હોવાથી ડૂબી જવાનો-તણાઈ જવાનો ભય રહે છે. તો ક્યાંક લીલ હોય, તેવા પ્રકારના જીવોનો ઉપદ્રવ હોય તોય સંયમની વિરાધના કે આત્માની વિરાધના (મૃત્યુ) થવાની શક્યતા રહે છે.

આ જ રીતે ભયજનક માર્ગ હોય, ભયજનક સ્થાન હોય ત્યાં એકદમ આગળ ન વધવું. આવા ભયનાં સ્થાનો ઘણાં પ્રકારનાં હોય છે, જેમાં મૃત્યુ સુધીનું કષ્ટ આવી શકે છે. એવા સમયે દુર્ધ્યાનની સંભાવના વધી જાય છે. તે ધ્યાન પૂર્વક, મૃત્યુ પામે તો દુર્ગતિમાં જીવ ચાલ્યો જાય છે. ભય ઊભો થતાં ભયમોહનીયકર્મના ઉદય સાથે નવું ભયમોહનીયકર્મ પણ બંધાય છે.

આવાં કંઈ કેટલાંય કારણોને લઈ ભયનાં સ્થાનોમાં પ્રવેશ કરવો પડે તોય ઉતાવળ તો ન જ કરવી. શક્ય તેટલો વિલંબ કરવો. વિલંબ કરવાથી ઘણાં અનર્થોથી બચી જવાય છે. ઘણાં કર્મબંધથી પણ આબાદ બચાવ થઈ જાય છે. વાંચો આ જ નીતિને બતાવનારો શ્લોકઃ

**क्रोधावेशे नदीपूर - प्रवेशे पापकर्मणि ।**
**अजीर्णे भुक्तो भीस्थाने, कालक्षेपः प्रशस्यते ।।**

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

**મસૂર : તીર્થ શતાબ્દીનો શાહી મહોત્સવ :**

મસૂર (જિ. સાતારા - મહારાષ્ટ્ર) નગરના શિરછત્ર, નગરના આભૂષણતુલ્ય સાચાદેવ શ્રીસુમતિનાથ જિનાલયની શતાબ્દી એક તીર્થ બનવાના સૌભાગ્યતિલકને છાજે એવી જ ઉજવાઈ ! તીર્થતુલ્ય પ્રભાવના - પ્રભાવકતા વિસ્તારનારા આ મહામહોત્સવને શબ્દોમાં કંડારવાનું કાર્ય ખરેખર દુષ્કર છે. એ સમયના વાતાવરણને, ભવ્યાત્માઓના આભ ઊંચા ઊછળતા ભાવોને શબ્દદેહ આપવો એ સારા લેખક માટેય કઠિન છે. હા, એ મહોત્સવના માણનારા જ તેનો અનુભવ કરી શક્યા. 'મૂક ગુડને ન્યાય' - મૂંગો માણસ ગોળ ખાય ને એની મીઠાશને ન વર્ણવી શકે તેવી સ્થિતિ આ મહોત્સવ માટે કહી શકાય. દુનિયાના કેટલાક ભાવો - પ્રસંગો જાણી શકાય પણ કહી ન શકાય. તેવા ભાવોને 'અનભિલાપ્ય' કહેવાય છે. શબ્દકોશ

તો વામણો છે. આપણી શક્તિઓ પણ સીમિત (લીમીટેડ) છે. કંઈક એવો જ અહેસાસ આ મહોત્સવ માટે કહી શકાય. છતાંય આછો પરિચય અહીં આપશું - આપવાનો પ્રયત્ન કરીશું...અનુમોદનાનું પાથેય વાચકોને પ્રાપ્ત થાય એવા શુભાશયથી જ તો !

**મહોત્સવની તૈયારી :** પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાનું માર્ગદર્શન શ્રીસંઘ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયું. પૂજ્યશ્રીના શાસ્ત્રીય અને સમયસરના - મહત્ત્વના માર્ગદર્શનથી તમામ કમિટીઓને કાર્યો સરળ બની ગયાં. ગામમાં ધર્મનું જ્ઞાન ઘણું ઓછું તેથી આગવી કોઈ તેવી ધાર્મિક આયોજનની જાણકારી નહીં, પરંતુ પૂજ્યશ્રીના માર્ગદર્શનથી બધા સારા ઘડાયા.

ટ્રસ્ટીમંડળ, કમિટીના સભ્યો, રસ ધરાવતા યુવાનો, બહેનો વગેરે સૌ પોતપોતાનાં કાર્યોમાં લાગી ગયાં. જોત-જોતામાં શતાબ્દી મહોત્સવ આવી લાગ્યો. ગામમાં જૈનોની સંખ્યા વધવા લાગી. ગામનાં બહેન-દીકરીઓ પરિવાર સાથે પ્રસંગ માણવા આવી ગયાં. ગામમાં બંધ પડેલાં જૈનોનાં ઘર પણ ખૂલી ગયાં. તમામનાં હૈયામાં અમાપ ઉત્સાહ જણાતો હતો. શમિયાણાં નંખાયા, મંડપો રચાયા. ડેકોરેશનથી એરિયા દેદીપ્યમાન બની ગયો. ગ્રામપંચાયત - જિલ્લા પંચાયતે જિનાલયવાળો રોડ પણ સિમેન્ટ - કોંક્રીટનો નવો જ બનાવી દીધો ! એનાથી ભવ્યતામાં વધારો થયો. આકર્ષક ગેટ, કમાનોથી ગામ - રોડની શોભા વૃદ્ધિ પામી. વ્યક્તિગત સ્વાગતનાં બેનરો પણ લગાવાયાં. શ્રીસંઘનાં પણ વિવિધ બેનરોએ રોનક વધારી દીધી. નગર અને પરિસર પણ મંડપો-શમિયાણાં, બેનરો, કમાનો, ડેકોરેશન વગેરેથી દેદીપ્યમાન બની ગયાં હતાં. બહેનોનાં મંગલ પ્રભાતિયાં માટેનો કક્ષ, ભરતચક્રવર્તી ભોજન મંડપ, જગડૂશા સાધર્મિકભક્તિકક્ષ, અનુપમાદેવી સાધર્મિકભક્તિકક્ષ, ગૌતમસ્વામી કાર્યાલય, અયોધ્યાનગરી, મેઘરાજ ભગદ્‌ભક્તિમંડપ, સુમતિનાથમંગલઘર વગેરેના આદેશો આપવામાં આવ્યા હતા.

આઠે દિવસ ત્રણે ટાઈમની નવકારશીના ચઢાવા પૂર્વક આદેશો અપાયા હતા. તે ઉપરાંત અંગરચનાભક્તિ(આંગી), શરબતભક્તિ, છાશભક્તિના પણ ચઢાવા થયા હતા. તે તે દિવસના પૂજન - અનુષ્ઠાન તથા પૂજાના પણ આદેશો અપાયા હતા. રોજ-રોજના પ્રભાતિયાંની પ્રભાવનાના આદેશો નકરાથી અપાયા હતા.

છેલ્લા દિવસે ( સાલગિરાના દિવસે) ગામજમણ ફલેચુંદડીનો ચઢાવો કરી આદેશ અપાયો હતો.



**દિવસ -૧ પ્રથમ જેઠ વ.૯ તા. ૮.૬.૨૦૧૮ શુક્રવાર**

સવારે ૫:૩૦ કલાકે સૌભાગ્યવતી બહેનોનાં મંગલ પ્રભાતિયાંથી મહોત્સવનાં મંડાણ થયાં હતાં. લગભગ ૧૫૦ ઉપર બહેનો હતી ! સૌને રોજ વિધ-વિધ પ્રભાવના અપાતી હતી.

૯:૦૦ કલાકે પૂજ્યશ્રીનું 'નવપદ ધરજો ધ્યાન' વિષય પર પ્રવચન થયું. જે દિવસે, જે પૂજન - અનુષ્ઠાન હોય તે જ વિષય પર પૂજ્યશ્રી પ્રવચન આપતા હતા, તેથી તે તે જિનભક્તિ વગેરેનો રસ સૌના દિલમાં વૃદ્ધિ પામતો ...સંખ્યા પણ જળવાઈ રહેતી. પ્રથમના ચાર દિવસ તથા છેલ્લા બે દિવસ સંગીતકાર તરીકે વિનીતભાઈ ગેમાવતે ભક્તિ કરાવી સૌને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. બપોરે ૧૨:૦૦ કલાકે 'શ્રીનવપદમંડલપૂજન' ભણાવાયું. એમાંય ભાવિકોને સારો રસ પડ્યો હતો. પૂજ્યગુરુદેવ સંવેદના કરાવતા હોવાથી વિશેષ ભાવ ઉત્પન્ન થતો હતો. રાત્રે ૯:૦૦ કલાકે ભક્તિ - ભાવનામાં ભાવિકો ઝૂમતા હતા. તમામ પ્રસંગોમાં મંડપ ભરાઈ જતો હતો. ત્રણે ટાઈમ સાધર્મિકભક્તિ - નવકારશી રખાઈ હતી...

પહેલા દિવસે વરસાદે થોડું સ્વાગત કરેલ. ત્યારબાદ ક્યારેય મહોત્સવમાં વરસાદ નથી આવ્યો ! મસૂરના આસપાસના વિસ્તારોમાં કલાકો સુધી વરસાદ પડ્યો... અરે ! મસૂરના બસસ્ટેન્ડ સુધી પણ ધોધમાર વરસાદ હોય... પણ ગામમાં એક ટીપુંય પાણી નથી પડ્યું... સાથે તેવી ગરમીની કે બફારાની પણ અનુભૂતિ નથી થઈ ! (ક્રમશઃ)

**પૂના - ટિંબરમાર્કેટ :**

મસૂરથી વિહાર કરી વરસાદી માહોલમાંય નિર્વિઘ્ને પૂજ્યશ્રી પૂના - ફુરસુંગી આવી ગયા, ત્યાં સામૈયું - પ્રવચનાદિ થયેલ. ત્યાંથી હડપસર થઈ ફાતિમાનગર પધાર્યા. ત્રણદિ', ત્યાંના સંઘના અતિ આગ્રહથી રોકાણ અને પ્રવચનો થયાં. શ્રોતાઓની સંખ્યા પણ સારી આવતી. વધુ રોકાવા માટે આગ્રહ હતો. પરંતુ વરસાદ વગેરે કારણે ટીંબરમાર્કેટ પધારી ગયા. ત્યાં પ્રવચનો ચાલું થયાં.

**ચાતુર્માસ પ્રવેશ :**

અષાઢ સુ.૯ તા. ૨૧-૭-૧૮ શનિવારે પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ થયો. તે પૂર્વે એક દિવસ માટે પૂનાકેમ્પ પધાર્યા હતા. ત્યાં પ્રવચન-પ્રભાવનાદિ થયેલ.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે બહારગામથી પણ ઘણા ભાવિકો પધાર્યા હતા. શાનદાર નગર પ્રવેશ થયો. માંગલિક પ્રવચન થયું. ગુરુપૂજન, કામળી વહોરાવવાના ચઢાવા થયા. વાતાવરણ - માહોલ પહેલા જ દિવસથી સુંદર હતો. અંતે રૂ.૭૦નું

સંઘપૂજન થયેલ . મેદની એટલી હતી કે વિશાળ હોલ પણ નાનો લાગતો હતો.

ચોમાસી ચૌદસે, વ્યાખ્યાનમાં વંચાનાર ૧. શ્રીભગવતી સૂત્ર અને ૨. સુષઢચરિત્ર ગ્રંથો વહોરાવવાદિની ઉછામણી થઈ. ઊંચી બોલીઓ બોલાઈ. અષાઢવ.૨ (દ્વિતીય) તા.૩૦-૭-૧૮ સોમવારથી જ્ઞાનપદ પૂજા ભણાવવા સાથે ગ્રંથવાંચનનો પ્રારંભ થયો. પ્રથમ ત્રણ દિવસ બંને ગ્રંથો પર વ્યાખ્યાન થયાં. તે ઉપરાંત 'શ્રીપ્રશ્નવ્યાકરણ' ગ્રંથ પર વાચના પણ રોજ ચાલું છે. હવે સોમથી ગુરુ શ્રીભગવતીસૂત્ર પર તથા શુક્ર-શનિ : સુષઢચરિત્ર પર પ્રવચનો ચાલે છે. પ્રવચન ૯:૧૫ થી ૧૦:૩૦ પૂરું થતાં જ તરત પ્રશ્નવ્યાકરણ પર વાંચના અપાય છે.

રવિવારીય આરાધના અનુષ્ઠાનો પણ ચાલુ છે. પૂજ્યપાદ વ્યા.વા., જિનશાસન જ્યોતિર્ધર તપાગચ્છધિરાજ આ. શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૨૭મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી ત્રણ દિ'ના પ્રોગ્રામ સાથે થઈ.

(ક્રમશઃ)

**ચાતુર્માસ સ્થળ :**

ના જુશ્રી સમાજ ભવન, ટિંબરમાર્કેટ, ભવાની પેઠ, પૂના .૪૧૧૦૦૨, ૯૪૨૯૦૨૨૦૨૨(હિતેશ). પેઢી : ૦૨૦ - ૨૬૪૫૧૭૫૬ (મહેમાનોને રસોડાની વ્યવસ્થા છે.)

## ★ મુનિભગવંતોની ઋદ્ધિ -૨ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

ગત લેખમાં આપણે 'મુનિની ઋદ્ધિ' સંબંધી વિચારણા ચાલુ કરી હતી. તે જ વિચારણાને આગળ વધારીએ. બહારથી અપરિગ્રહી જણાતા મુનિવરો પાસે; ન ચોરાઈ જાય, ન ખોવાઈ જાય, ન લૂંટાઈ જાય, ન બળી જાય, ન સરકાર (રાજા) વગેરે આંચકી જાય, ન બગડી જાય, ન ક્યારેય કિંમત ઘટી જાય, જેના માટે વહેંચણી વગેરેના ક્યારેય ઝઘડા થાય, જેને સાચવવા માટે ને તિજોરી વગેરેની જરૂર પડે, ન એને રાખવા મકાન-જગ્યાની જરૂર રહે, જેને કારણે રાતની ઊંઘ હરામ થાય, ન કોઈ ટેન્શન થાય, ન કોઈને ઈર્ષ્યા થાય કે ન કોઈ સંપત્તિના કારણે થતા હાઈપર ટેન્શનના રોગો શરીરને ઘેરો ઘાલે, કોઈને આપવાથી ન ઘટે, ન એની ક્યાંય નોંધણી કરાવવી પડે, ન ક્યારેય એનો હિસાબ રાખવો પડે, ન એ ચલણમાંથી કેન્સલ થાય, વાપરવા છતાં ક્યારેય ઓછી ન થાય, હોવાં છતાં પરિગ્રહના પાપથી જીવ ન લેપાય, પરિગ્રહથી થતી દુર્ગતિનો જેમાં ભય ન હોય..., આવી ઋદ્ધિ -



સંપત્તિ મુનિવરો પાસે હોય છે ! માટે જ તેઓ નિષ્પરિગ્રહી તરીકે ઓળખાય છે.

ઈન્દ્ર મહારાજા, જે શ્રીમંતાઈમાં મોખરે છે. ૩૨-૩૨ લાખ વિમાનથી લઈ માનવલોકના છ ખંડના સામ્રાજ્યવાળા ચક્રવર્તી કરતાંય અનેક ગણા ચઢિયાતા છે. તેવા જમીનથી ચાર આંગળ અદ્ધર ચાલતા ઈન્દ્રોય; જમીન પર ચાલતા, બેસતા ને સૂઈ જતા મુનિવરને વંદન-નમન કરે છે ! શા માટે ? અભ્યંતર ગુણવૈભવસ્વરૂપ રિદ્ધિને કારણે જ ને ? મુનિવરો પાસે કેટલીક રિદ્ધિ-સિદ્ધિ તો એવી હોય છે કે એને પરલોકમાંય સાથે લઈ જઈ શકે છે ! ત્યારે જ તો બધાને માટે વંદનીય ગણાય છે.

ઈન્દ્રની રિદ્ધિ સાથે તુલના કરતાં કહે છે : સમાધિરૂપી નંદનવનમાં મ્હાલી રહ્યા છે. મેરુપર્વતના નંદનવનમાં ક્રીડા કરતાં કરતાં કદાચ દેવોને કે ઈન્દ્રમહારાજાને ભૂત-ભાવિની યાદ આવતાં દુઃખ થાય, આનંદનું ઉદ્‌વેગમાં પરિવર્તન થઈ જાય, મનમાં ઉચાટ પેદા થઈ જાય. ઈન્દ્રાણી - દેવાંગનાઓ રિસાઈ જાય, ઈન્દ્રાણી કે દેવાંગનાને દેવલોકમાં જવાનું મન થતાં રંગમાં ભંગ પડે...વાતાવરણમાં ગમગીનતા આવી જાય...પરંતુ મુનિવરને સમાધિરૂપ નંદનવનમાં કોઈ જ ફરક ન પડે, કોઈ જ ઊથલ-પાથલ ન થાય. સમાધિ જેવું સુખ બીજું કયું હોઈ શકે ? જ્યાં મન જ સમાધિમાં નિમગ્ન હોય, મન સ્થિર હોય ત્યાં બીજાં કોઈ દુઃખને સ્થાન ક્યાંથી હોય ? ઉપવનોમાં, ક્રીડા કરવાનાં સ્થાનોમાં ચઢિયાતું નંદનવન હોવાથી તેની ઉપમા અહીં મુનિવર માટે આપી છે.

બીજાનંબરે શસ્ત્રની વાત દ્વારા રિદ્ધિની જાણકારી આપી છે. એમાં મુનિવર પાસે વજ્ર જેવું હયિયાર ધીરતા નામનું છે. બધાં હથિયારો આ ધીરજ સામે બુટ્ઠાં પુરવાર થાય છે. અલબત્ત, સમાધિ માટે અને વજ્રની (ધીરતાની) પ્રાપ્તિ માટે શાસ્ત્રાભ્યાસ, તપ-જપ-સંયમ-સ્વાધ્યાયાદિ ઘણાં મૂલ્યો ચૂકવવાં પડે છે. જ્ઞાનાદિરત્નત્રયનાં બળથી આવી સમાધિ-ધીરતાની પરિણતિ ઘડાય છે. આવી પરિણતિ ઘડતાં ક્યારેક તો મહિનાઓ જ નહીં, વર્ષો વીતી જાય છે, તો ક્યારેક ભવો નીકળી જાય છે.

હવે ત્રીજા નંબરની વાત વિચારીએ : ઈન્દ્ર પાસે અર્ધાંગના સ્વરૂપે પરિપુષ્ટ પ્રેમવાળી, દિવ્યપ્રીતિવાળી ઈન્દ્રાણી છે તો મુનિવર પાસે સમતારૂપી ઈન્દ્રાણી છે. ઈન્દ્રની ઈન્દ્રાણી સંક્રાંત દિવ્યપ્રેમવાળી હોવા છતાં થોડા ટાઈમ માટે રિસાય, વિમુખ બને, દૂર થાય, કહ્યું ન માને....આવું બધું શક્ય છે પરંતુ મુનિવરની સમતારૂપી ઈન્દ્રાણી સારા-માઠા ગમે તેવા પ્રસંગોમાં રિસાતી નથી, દૂર જતી નથી, મોઢું ફેરવી દેતી નથી, કહ્યામાં ન રહે એનું બનતું નથી. માન મળે કે અપમાન થાય, ગોચરી

મળે કે ન મળે , અનુકૂળતા મળે તે પ્રતિકૂળતા ઊભી થાય... શરીરમાં શાતા હોય કે અશાતા હોય, ઉપસર્ગોની વણઝાર ખડી થઈ જાય કે પરિષહોની હારમાળા સર્જાય...રહેવા માટે ઝુંપડી મળે કે મહેલાત મળે, પોતાની પાસે રાજા આવે કે રંક આવે, રાગનું નિમિત્ત મળે કે દ્વેષનું નિમિત્ત મળે...તેમના મનમાં વિષમતાના તરંગો ક્યારેય સર્જાતા નથી. સમતા તો સ્વયંભૂરપણ સમુદ્રને શરમાવે તેવી નિસ્તરંગ હોય છે. માટે જ તો એક સજ્ઝાયકાર સજ્ઝાયમાં નોંધ લે છે : સમતાસુખના જે ભોગી, અષ્ટાંગધરણ જે જોગી.... સદાનંદ રહે જે અશોગી, શ્રદ્ધાવંત તે શુદ્ધ ઉપયોગી.... આવા મુનિવરને વંદન..વંદન..! સમતામાં જે સુખની અનુભૂતિ છે તે વિષમતામાં ક્યાંથી મળે ? ભલેને સંપત્તિના ઢેર ખડકાયા કેમ ન હોય !

સમતા પોતે જ સુખ છે. બાકી તમામ વૈભવ હોય...ભૌતિક - પૌદ્‌ગલિક સામગ્રીના ઢગલા હોય... કુટુંબ પરિવાર - દાસ - દાસીનો પાર ન હોય... પરંતુ આત્મામાં સમતા જ ન હોય તો ? આલય - મકાન વગરના મુનિવરો સમતારૂપ આલયમાં જ હંમેશા વસતા હોવાથી ‘મકાન વગરનો છું’ આવો વિચાર જ નથી આવતો. આગળ વધીને દુનિયાની દૃષ્ટિએ ગમે તેવું ગણાતું મકાન પણ તેમને અરુચિકર નથી બનતું !

સમતા જેવી કમાણી બીજી કોઈ જ નથી. સમતાની કમાણી માટે જ સામાયિક છે. મુનિવરોનો જાવજ્જીવનના સામાયિકવાળા છે. તેથી તેમને રાત-દિવસ એવો વેપાર ને વ્યવહાર છે કે સમતાની આવક ચાલું જ હોય છે. માટે જ કહી શકાય કે જૈનશાસનનાં શ્રમણ-શ્રમણી ભગવંતો હંમેશા સમતાના ધનથી અબજપતિ હોય છે. સમતાધારી આત્માને ક્ષણે ક્ષણે કમાણી જ હોય છે. ઊંઘમાં હોય કે જાગતા, ચાલતા હોય કે ઊભા, ઉપવાસી હોય કે ભોજન લેતા, વિહારમાં હોય કે મકાનમાં, સ્વાધ્યાયમગ્ન હોય કે ગોચરી ફરતા... બધે જ ઠેકાણે - બધાં જ કાર્યોમાં કમાણી ચાલું જ હોય તે પણ સમતાની જ...! સમતાની કમાણી વિનાનું મુનિજીવન ક્યાંથી?

ઘાણીમાં પીલાતાં પીલાતાં, અપમાનો સહેતાં સહેતાં, આગમાં બળતાં બળતાં ... ભાલાની અણી પર ભોંકાયેલી - લોહી નીકળતી હાલતમાં, થૂંકવાળા ભાત વાપરતાં કેવળ જ્ઞાનની ભેટ ધરનાર આ સમતા જ હતી ને ? અનેક પ્રકારના ઉપસર્ગોની ઘોર યાતનામાં, પરિષહોની પ્રચંડ પીડામાંય કર્મનિર્જરા કરાવી સદ્‌ગતિનાં દાન દેનારી પણ આ જ સમતા હતી.

સુખનાં બેસુમાર સાધનોમાં માનસિક વિષમતાનું સર્જન સંસારીને હોય છે તો સામે પક્ષે બહારની સેંકડો દુવિધાઓ અને દુઃખો - પ્રતિકૂળતાઓ વચ્ચે સમતાનું



પાન મુનિઓ કરતા હોય છે... આ જ તો મહાન ઋદ્ધિ છે મુનિવરોની !

ઋદ્ધિમંત ઈન્દ્ર-ચક્રવર્ત્યાદિ કરતાં મુનિવર અનેક રીતે ચઢિયાતા ગણાય. તેથી જ તો રિદ્ધિમંત ઈન્દ્ર વગેરે પણ આજના દીક્ષિત મુનિવર કે શ્રમણીનેય નમસ્કાર કરે છે. બાકી ખાખી - બંગાળી ગણાતા મુનિવરનો કોણ ભાવ પૂછે છે ? હા, એ શ્રમણ-શ્રમણી ભગવંતોને પોતાની રિદ્ધિનું અભિમાન ક્યારેય નથી હોતું.

(ક્રમશઃ) ધ

## ★ દીક્ષાધર્મનો પ્રભાવ ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

અરંહિત ભગવંતોએ સ્વયં ગ્રહણ કરી, યથાર્થ પાલન કરી, અનંત સુખના રાજમાર્ગ તરીકે, મોક્ષના અમોઘ ઉપાય તરીકે ફરમાવેલ દીક્ષાને પારમેશ્વરી પ્રવ્રજ્યા અથવા ભાગવતી દીક્ષા પણ કહેવાય છે. આવી દીક્ષાનો પ્રભાવ પણ ગજબનો છે.

સમગ્ર જગત પર કર્મસત્તાનું એક ચક્રી સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળે છે. ત્રણે ભુવનમાં તેની આણ પ્રવર્તે છે. ચારે ગતિના જીવોને એ સત્તાએ પોતાની હકુમતમાં રાખ્યા છે ! માત્ર ધર્મસત્તાને અપનાવનારા, ધર્મસત્તાના શરણે ગયેલા જીવો જ એમાં બાકાત છે. કારણ, કર્મસત્તા પર રાજ્ય કરી શકે, કર્મસત્તા ને હંફાવી શકે, પછાડી શકે એવી તાકાત માત્ર આ ધર્મસત્તા પાસે જ છે.

ધર્મસત્તામાં પણ સર્વોપરી છે ચારિત્રધર્મ - સર્વવિરતિધર્મ. એટલે કે નિષ્પાપ-નિરવદ્ય જીવન. જીવન જીવવાનું છે પરંતુ તેને માટે પાપ નથી કરવાનું. કોઈના પર ભારરૂપ નથી થવાનું. માત્ર ધર્મસાધના જ કરવાની. આ ધર્મના પ્રભાવે ભૌતિકસુખના સર્વોપરી ભોકતા ગણાતા ઈન્દ્રો પણ ચારિત્રધારીને નમસ્કાર કરે છે. દેવોય તેમની ભક્તિ કરે છે, તો માનવો કે રાજરાજેશ્વરો કરે એમાં આશ્ચર્ય શું?

ક્ષણવારના ચારિત્રની પણ વિશિષ્ટ કિંમત છે. ઘડી, બે ઘડીનું ચારિત્ર માનવનાં અનેક જન્મોમાં ઉપાર્જિત કર્મોનો ભુક્કો બોલાવી દેવા સમર્થ છે ! માત્ર શરત એટલી જ છે કે હૃદયમાં ચારિત્રની સાચી પરિણતિ ઊભી થવી જોઈએ. ત્યારે જ તો શાસ્ત્રકાર ભગવંતોએ સંસ્કૃત ભાષામાં એનો મહિમા - પ્રભાવ વર્ણવતાં જણાવ્યું કે - दीक्षा क्षणमपि प्राय :, सम्यक्परिणता हृदि । पुंसां क्षपयति क्षिप्रं, पापं नैकभवार्जितम् ।। (અર્થાત્ : ક્ષણવાર માટેય જો દીક્ષાની સાચી પરિણતિ હૃદયમાં જાગી જાય તો માનવના અનેક જન્મોનાં કર્મોને ખપાવી દે છે ! મતલબ, ક્ષણવારની દીક્ષાધર્મની સાધના અનેક જન્મોમાં બાંધેલાં કર્મોનો ખાત્મો બોલાવી દે છે !)

આ જ કારણે કોઈ સામાન્ય વ્યક્તિની દીક્ષા થયા બાદ, મહાવ્રત ઉચ્ચર્યા બાદ ચક્રવર્તી જેવા મહા માનવ - મહારાજાએ સંયમ સ્વીકાર્યું હોય તો પૂર્વદીક્ષિત એવા સામાન્ય યતિ-મુનિને; પાછળથી (ક્ષણ પછી) દીક્ષિત થયેલા ચક્રવર્તી મુનિ વંદન કરે છે. કારણ તે સામાન્ય મુનિ રત્નાધિક ગણાય છે. વાંચો તેનો સંસ્કૃત શ્લોક : अत एव क्षणेनाऽपि, प्राग् यः प्रव्रजितो यतिः । सामान्यमपि तं सार्व-भौम साधुर्नमस्यति ।।

શ્રમણ ભગવાન શ્રી મહાવીરપ્રભુના હાથે દીક્ષિત થયેલા અવધિજ્ઞાની શ્રીધર્મદાસગણિ મહારાજ ઉપદેશમાળા ગ્રંથમાં ફરમાવે છે કે- અનન્ય મનથી એક દિવસનું પણ ચારિત્ર જીવ પાળે તો મોક્ષમાં લઈ જવા (સંપૂર્ણ કર્મોની હોળી કરી દેવા) સમર્થ છે, જો મુક્તિ ન થાય તો વૈમાનિક-દેવ તો અવશ્ય થાય જ. તેનાથી નીચી ગતિ તો ન જ થાય ! ચારિત્રના પરિણામની તાકાત સામે બીજી કોઈ તાકાત ક્યાં છે ?

માત્ર વેષથી કાર્ય ન જ થાય. ગધેડાના શરીર પર વાઘ કે સિંહનું ચામડું ઢાંકી દો તો એ ગધેડામાં સિંહનું સત્ત્વ તો ન જ આવે. તે જ રીતે માત્ર વેષધારણ કરી લેવાથી ઉપસર્ગ-પરિષહના સમયે કે ચારિત્રની ક્રિયાઓમાં ઉપશમભાવ કે સાત્ત્વિકતા આવી જતી નથી. આત્માને જ્યારે એ ચારિત્રનો સ્પર્શ થાય ત્યારે જ તેવા પ્રકારના ભાવ-ખુમારી વગેરે જાગે છે. દુઃખમાંય આનંદની અનુભૂતિ ત્યારે જ થાય છે. પ્રતિકૂળતા સમયે પણ પ્રસન્નતા તે જ રાખી શકે ! દેહાધ્યાસથી પર બની અધ્યાત્મની દુનિયાના એ મુસાફર બની ચૂક્યા છે, તેથી જ અલગારી આત્મ મસ્તી તે માણી શકે છે. સંસારી કે પુદ્‌ગલાનંદી જીવોને એ મસ્તી ક્યાં સસ્તી છે ? ત્યારે જ તો મરણ સમાધિપયન્ના વગેરે ગ્રંથોમાં લખવું પડ્યું કે - જેના રાગ - દ્વેષ ભ્રષ્ટ - નષ્ટ થઈ ગયા છે, જેનો મોહ દિગ્ દિગંતમાં ચાલ્યો ગયો છે એના મુનિવરોને ઘાસના સંથારામાં જે સુખ છે અથવા જે મુક્તિસુખનો આસ્વાદ કરે છે તે છ ખંડના સ્વામી ચક્રવર્તીને ક્યાં છે ? ચક્રવર્તી ભૌતિકજગતના શહેનશાહ ભલે ગણાતા હોય પરંતુ તેનાથી ચઢિયાતા અધ્યાત્મજગતના શહેનશાહ તો જૈન મુનિવર છે ! જિનશાસનનાં શ્રમણ-શ્રમણી રત્નો છે !

ચક્રવર્તી ને મહેલાતો મળી હશે. મુનિવરો માટી કે ઘાસના ખોળિયામાં (ઝૂંપડામાં) વસતા હશે... ચક્રવર્તીઓ સેજ તળાઈયોમાં સૂતા હશે, મુનિવરો ઘાસના કે ઉનના સંથારામાં જમીન પર સૂઈ જતા હોય છે. ચક્રવર્ત્યાદિ રાજાઓ માલપાણી



આરોગતા હોય ને ષટ્‌રસ ભોજન જમતા હોય... સામે શ્રમણ-શ્રમણી ભગવંતો ભલે લૂખું-સૂકું કે નીરસ ભોજન લેતાં હોય... રાજાદિ માન-પાન મેળવતા હોય, સામે મુનિવરોનું ભલે અપમાન થતું હોય... છતાં રાજાદિને જે સુખ નથી મળતું, જે પ્રસન્નતા નથી પ્રાપ્ત થતી તે સુખ, તે પ્રસન્નતાના ભંડાર મુનિવરોના જીવનમાં જોવા મળે છે ! અપમાનમાંય આનંદ તેમને હોય છે. કારણ મુનિવરો સુખ-દુઃખ, અનુકૂળતા-પ્રતિકૂળતા, માન-અપમાન વગેરેમાં સમાન ભાવવાળા જ હોય છે.

માનસિક વેદના ક્યારેય તેમને સતાવતી નથી. શારીરિક વેદના કદાચ કર્મના ઉદયે હોઈ શકે પરંતુ એમાં દીનતા ક્યારેય દેખાતી નથી. માટે જ તો સાધુ માટે શાસ્ત્રકારોએ વિશેષણ (ઓળખાણ) મૂકીને જણાવ્યું કે સમ - સુહ - દુઃખે = સુખ દુઃખમાં સમાન ભાવવાળા હોય છે. દુઃખમાં, પ્રતિકૂળતામાં અને અપમાનમાં તેમને કર્મક્ષયનો વિશિષ્ટ કમાણીવાળો વ્યાપાર દેખાતો હોય છે. કમાણી થતી હોય તો આનંદ જ હોય ને ? સંવર ને નિર્જરાનો વ્યાપાર જેમજેમ વધે તેમ તેમ સાધુને આનંદ વધે. આવક (કમાણી) વધારવાનો પ્લાન (યોજના) રોજ ઘડાતો જ હોય. એ માટે વેયાવચ્ચ - સ્વાધ્યાય - ધ્યાન - તપ - ત્યાગ - ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણધર્મ કષાયવિજય વગેરે કાર્યો વેગમાં ચાલતાં હોય, એના જ પુરુષાર્થમાં દિવસ પૂરો થતો હોય... આવા સંયમીઓને શાસ્ત્રમાં 'પ્રવૃત્ત ચક્રયોગી' કહ્યા છે. સંયમની રાત - દિવસ ચાલતી આ પ્રવૃત્તિ ચક્ર જેવી છે. તેનાથી કર્મનો કચ્ચરઘાણ નીકળ્યા કરે છે. તીક્ષ્ણ અને ધારદાર એ ચક્રના દાંતા હોય છે. કર્મ માટે સ્ટીમરોલરનું અથવા બુલડોઝરનું એ કામ કરે છે.

દીક્ષા એટલે ચારિત્ર. ચારિત્રનો મતલબ છે, ભૂતકાળમાં જીવે બાંધેલાં-ઉપાર્જેલાં-ભેગાં કરેલાં કર્મોને ખાલી કરે - ખપાવે તેનું નામ ચારિત્ર. સુવિશુદ્ધ ચારિત્ર સાથે જો સમ્યગ્ તપધર્મ જોડાઈ જાય તો ટૂંક જ સમયમાં કર્મની સંપૂર્ણ હોળી જ થઈ જાય. તપ તો કર્મનો ક્ષય કરવા માટે તીક્ષ્ણ -તાતી તલવાર જેવું ધારદાર શસ્ત્ર છે. નિકાચિતકર્મનો સફાયો કરવાની તાકાત તપમાં છે. એમાંય ધ્યાન નામના તપની તાકાત-પ્રચંડશક્તિ તો અગાધ છે. સાત લવ (લગભગ સાડા ચાર મિનિટ) જેટલા સમયમાં તો કેં-કેંટલાંય જન્મોનાં પાપોનો-કર્મોનો સ્ટોક બાળવાની તાકાત આ ધ્યાનતપમાં છે ! ધર્મધ્યાન કે શુક્લધ્યાનની આ વાત છે. ધ્યાન સુધી પહોંચવા માટે યમ - નિયમાદિ સોપાન ચઢવાં જરૂરી છે. માત્ર પલાંઠી વાળીને બેસી જવાથી, આંખો ઢાળી દેવાથી ધ્યાન થઈ જતું નથી. ધ્યાતા-ધ્યેય-ધ્યાનના કેટલાક નિયમો છે. ઘણા અભ્યાસના અંતે અને રાગાદિ દોષો ઘણા પાતળા પડી ગયા હોય ત્યારે આ

ધ્યાનમાં પ્રવેશ થાય છે. ધ્યાનને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. બીજાં સાધનો કરતાં અગ્નિમાં ભસ્મીભૂત કરવાની, વસ્તુને નષ્ટ કરવાની તાકાત ખતરનાક છે. દાવાનળ જેવી આ આગ હોય છે. મોટાં મોટાં તોતિંગવૃક્ષોથી લઈ ભરચક જંગલને બાળતાં દાવાનળને ક્યાં વાર લાગે છે ? તેમ લાંબા-પહોળા, ગાઢ, ભરચક કર્મવનને બાળવામાં ધર્મધ્યાન કે શુક્લધ્યાનરૂપ દાવાનળને સમય ક્યાં લાગે ?

ચારિત્ર એ આવતાં કર્મોને રોકનાર ચોકીદાર છે. દોષ - દુર્ગુણ કે કર્મરૂપી ચોરોને એ અટકાવે છે. જગતમાં મોહનીય કર્માદિએ ઘણા લૂંટારુંઓને ગોઠવ્યા છે. આ ચોર - લૂંટારુંઓ જીવોને લલચાવી - પટાવીને પાપના, દોષોના, કર્મબંધના માર્ગે દોરવે છે. ચરણસિત્તરી અને કરણસિત્તરીરૂપી શ્રેષ્ઠ - વિશ્વાસુ - સજાગ ચોકીદારો એ દોષાદિને ઘૂસવા નથી દેતા, અટકાવે છે. તેના કારણે સંયમધન સુરક્ષિત બને છે. જો ચોકીદાર ગોઠવવામાં ગરબડ થઈ તો એ ધન લૂંટાઈ જતાં વાર નથી લાગતી. વર્ષોની મહેનત દ્વારા ભેગું કરેલું એ ધન કાચી સેકંડોમાં કે આંખના પલકારામાં લૂંટાઈ-ચોરાઈ જાય છે. સંયમધન લૂંટાઈ ગયા પછી નિર્ધન બનેલો એ જીવ ફરી નરકાદિ દુર્ગતિના પરિભ્રમણમાં ચાલ્યો જાય છે. દરિદ્રનારાયણ બની જાય છે!

કર્મ ખપાવવા માટે અને સંયમધનના કરોડપતિ થવા માટે ચારિત્રધર્મની જ સાધના સર્વોત્તમ ગણાય છે. સાધનામાં પ્રમાદને ક્યારેય અવકાશ ન મળવો જોઈએ. દુકાન-વેપાર ચલાવનારો વ્યાપારી જેમ મદ્ય (કેફી પદાર્થોનું સેવન), પાંચ ઈન્દ્રિયના વિષયોમાં, ક્રોધાદિ કષાયોમાં, ઊંઘવામાં, હાહા..હીહી..ઠઠ્ઠા-મશ્કરી કે વિકથામાં પડી જાય તો ધંધામાં કમાણીની જગ્યાએ ગુમાવવાનું જ થાય...તેમ...ચારિત્રધર્મની સાધના કરનારો સાધક જો પ્રમાદ કરે (મદ્યાદિ પાંચ પ્રકારનો પ્રમાદ છે) તો કમાવવાની જગ્યાએ ગુમાવવાનો સમય આવે છે. દુકાન કરવાનો ઉદ્દેશ કમાવાનો હોય છે. ગુમાવવા કે નુકશાન કરવાનો નહિ... દુકાન ખોલ્યા પછી, વેપાર કર્યા પછી જો કમાણી ન થતી હોય તો મતલબ શું ? વેપારીમાં કે વેપારમાં ક્યાંક ગરબડ છે, ભૂલ થાય છે એવું એમાં ફલિત થાય છે.

ચારિત્રજીવનમાં પુણ્યોપાર્જન એ કમાણી નથી. સંવર અને નિર્જરા : એ સાચી કમાણી આવક છે. કર્મોની જાવકને અધ્યાત્મજીવનની વાસ્તવિક આવક ગણાય છે. કર્મોની જાવક (ક્ષય-નિર્જરા) થાય તો જ ગુણસંપત્તિની પ્રાપ્તિ થાય છે. ગુણસંપત્તિને ઢાંકનાર, રોકનાર, દબાવી રાખનાર કર્મો જ છે. કર્મો હટતાંની સાથે ગુણસંપત્તિ પ્રાપ્ત થાય છે. ગુલામની કક્ષામાં બેઠેલો આત્મા માલિકની કક્ષામાં ગણાતો થાય છે.

દીક્ષાનો અર્થ છે : ત્યાગ, વ્રત-નિયમ. ત્યાગ વગર સિદ્ધિ ક્યાંથી મળે ? ત્યાગ વગર ઉપાધિ ક્યાંથી ટળે ? ઉપાધિ ટળ્યા વગર સમાધિ ક્યાંથી મળે ? સમાધિ



વગર સદ્‌ગતિ કે સિદ્ધિ ક્યાંથી મળે ? જ્ઞાન - ચરિત્રસંપન્ન આત્મા આપત્તિનેય સંપત્તિ જ માનતો હોય છે ! આપત્તિને સંપત્તિ માનનારને ક્યારેય સંક્લેશ કે દુર્ધ્યાન થતું જ નથી. આપત્તિને આપત્તિ માનનારો સમાધિમાં રહી શકતો નથી. ચારિત્ર એવો જાદુ છે કે તમામ આપત્તિઓને સંપત્તિમાં ફેરવી દે છે. માટે જ તો આપત્તિ - પીડાવાળા મુનિવરો શ્રીઘ્ર કેવળજ્ઞાન પામ્યા છે. જેમ કે ઘાણીમાં પિલાતા શ્રીખંધકસૂરિજીમ.ના ૫૦૦ શિષ્યો, નદી ઊતરતાં ભાલાની અણીથી વિંધાયેલા અર્ણિકાપુત્ર આચાર્ય. જૈન શ્રમણ-શ્રમણી ભગવંતો પરિષહને પ્રસાદી માને છે. ઉપસર્ગને ઉપહાર માને છે. આ માન્યતા જ ભરપૂર પ્રસન્નતાની ભેટ ધરે છે, સાધુને સદાબહાર આનંદમાં જ રાખે છે.

મુનિવરોને આંતરવ્યથા દુઃખની નહિ, દોષની હોય છે. પીડાની નહીં પાપની હોય છે. તેથી જ દોષ અને પાપથી દૂર રહે છે. દુઃખ-પીડાને પ્રસન્નતા પૂર્વક આવકારે છે ને ભોગવે છે ! એમને રોગ પરેશાન નથી કરતો , રાગ પરેશાન કરે છે. ભોગાંતરાય કે ઉપભોગાંતરાય કર્મનો ઉદય મુનિને વિચલિત નથી કરતો પરંતુ ધર્મ ક્રિયાઓમાં વીર્યાંતરાયકર્મ જ્યારે શરીર - મનને પજવે છે ત્યારે ચિંતિત બને છે. એમને વેદનીય કર્મ નહિ, મોહનીયકર્મનો ડર સતત હોય છે.ટૂંકમાં કહીએ તો તેઓ સતત શરીરની નહિ, આત્માની ચિંતામાં ડૂબેલા હોય છે. શરીરની સહેજ પણ પરવા તેમને સતાવતી નથી. પળેપળ આત્માની જ ચિંતા રહે છે.

આખા લેખનો નિચોડ એ છે કે - શ્રમણજીવનમાં વેષ નહિ, શ્રમણત્વની પરિણતિ કેળવવાની છે. પરિણતિથી જ કર્મનો ક્ષય થાય છે. પરિણતિથી જ પરિણામ મળે છે. જ્ઞાનથી નહિ, જ્ઞાનની પરિણતિથી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે. કોરું જ્ઞાન તો ક્યારેક મહા-અનર્થ માટે થાય છે. જ્ઞાની નથી તર્યા, પરિણતિવાળા જ્ઞાની જ તર્યા છે. જ્ઞાનને કદાચ કલેવર ગણીએ તો જ્ઞાનની પરિણતિને ચૈતન્ય કહેવાય. ચૈતન્ય વિનાના કલેવરની, માલ વગરના બારદાનની શું કિંમત ? માલની સાચવણી, સુરક્ષિતતા માટે જ બારદાન વપરાય છે. એથી વિશેષ એની કોઈ કિંમત નથી. એટલે રાગ માલ પ્રત્યે રાખવાનો છે, બારદાન પ્રત્યે નથી રાખવાનો. માટે જ તો એ પેકીંગ માટે વપરાયેલા બોક્ષ કે બારદાન વગેરેને રદ્દી ગણવામાં આવે છે. કલેવર કહોવાઈ જાય છે. પરંતુ ચૈતન્ય-જીવ ક્યારેય નથી કોહવાતો ! આ જ સૂચવે છે કે સાચવણી કોની કરવાની ? ચિંતા કોની કરવાની ? સરભરા કોની કરવાની ? તુષ્ટિ-પુષ્ટિ કોની કરવાની ? ભવોભવ સાથ આપે તેની જ સરભરા વગેરે કરાય. એ છે આત્મા. ચારિત્રજીવનમાં એને જ સાચવવાનો છે, પછી તો પળેપળ કમાણી જ કમાણી છે. ચારિત્રનો આ જ તો પ્રભાવ છે. ધ

## શીલ : ચલાવનારના આધારે ચાલે

**अंधो नरपतेश्चित्तं, व्याख्यानं महिला जलम् ।**

**तत्रैतानि हि गच्छन्ति, नीयंते यत्र शिक्षकैः ।।**

અંધ માનવ, રાજાનું ચિત્ત, વ્યાખ્યાન (કથા), સ્ત્રી અને પાણીઃ આ પાંચને જ્યાં લઈ જઈએ ત્યાં (તે બાજુ) ચાલે છે.

**-ઉપદેશપ્રાસાદ**